ખાનગી/તાત્કાલિક.

ક્રમાંક: નપમ/૧૦૮૮/૧૪૯૦/ક.
પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૯/૯/૧૯૯૬.

પ્રતિ,
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી,

વિષય:- ગુજરાત પંચાયત (ત્રીજો સુધારો) અધિનિયમ-૧૯૭૮ (૧૯૭૮ નો ૨૮ મો અધિનિયમ) હેઠળ પંચાયતો તરફથી કરવામાં આવેલ કાર્યવાહીને નિયમિત કરવા બાબત.

૧૯૭૮ ના છઠ્ઠા વટહુકમથી (૧૯૭૮ નો ૨૮ મા અધિનિયમ) થી ગ્રામ અને નગર પંચાયતો હેઠળની સ્થાનિક સંવર્ગની જગાઓને પંચાયત સેવામાંથી બાકાત કરવામાં આવી હતી અને ગ્રામ અને નગર પંચાયતો તેમનું મહેકમ માળખું પોતે જ ઠરાવ કરીને નક્કી કરી શકે, તે પર કર્મચારીઓ નીમી શકે અને તેમના કર્મચારીઓની સેવા વિષયક તેમજ શિસ્ત વિષયક બાબતો તેમજ પગાર ધોરણો પોતે જ ઠરાવ કરીને નક્કી કરી શકે તેવી જોગવાઈ કરવામાં આવી હતી. આ સુધારા અધિનિયમને સંબંધિત ગ્રામ અને નગર પંચાયતોના અસરગ્રસ્ત કર્મચારીઓ તરફથી નામદાર સુપ્રિમ કોર્ટમાં ૧૯૭૮ ની રીટ પીટીશન ક્રમાંક: ૪૨૬૬ થી ૪૨૭૦ કરીને પડકારવામાં આવ્યો હતો. નામદાર સુપ્રિમ કોર્ટે ઉપરોક્ત રીટ અરજીઓ સંબંધમાં તા: ૨૭/૧/૧૯૮૩ ના આપેલ ચુકાદામાં ઉપરોક્ત અધિનિયમને ગેરબંધારણીય અને મૂળભૂત અધિકારીનો ભંગ કર્તા જણાવી રદબાતલ જાહેર કરેલ હતો. જે અન્વયે ૧૯૮૪ ના પાંચમા વટહુકમથી (૧૯૮૪ નો પંદરમો અધિનિયમ) ૧૯૭૮ ના છઠ્ઠા વટહુકમ (૧૯૭૮ નો ૨૮ મો અધિનિયમ) થી કરવામાં આવેલ સુધારા રદ કરી વટહુકમ બહાર પાડયાની તારીખ અગાઉની જોગવાઈઓ પુનઃદાખલ કરવામાં આવી હતી. આ (૧૯૮૪ ના ૧૫ મા) અધિનિયમમાં ૧૯૭૮ નો છઠ્ઠો વટહુકમ બહાર પડયાની તારીખ (૧૦/૭/૧૯૭૮) થી ૧૯૮૪ નો પાંચમો વટહુકમ બહાર પડયાની આગલી તારીખ (૫/૬/૧૯૮૪) સુધી ગ્રામ નગર પંચાયતોએ તેમના (તલાટી કમ મંત્રી સંવર્ગ સિવાયના) સેક્રેટરી તથા અન્ય

કર્મચારીઓની નિમણુંક બાબત તેમજ તેમની સેવાની શરતો અંગે કરેલ કાર્યવાહી ને રાજ્ય સરકારના ખાસ કે સામાન્ય આદેશને આધિન રહીને સંબંધિત જિલ્લા પંચાયતો નિયમિત કરી શકે તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. આ જોગવાઈના સંદર્ભમાં આ અંગે જરુરી સુચનાઓ આપવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી. આ બાબતમાં નીચે પ્રમાણે કાર્યવાહી કરવા આજ્ઞાનુસાર વિનંતી છે.

(૧) ૧૯૭૮ ના છઠ્ઠા વટહુકમથી સુધારવામાં આવેલ ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૦૨ અન્વયે ગ્રામ/નગર પંચાયતોને મળેલ અધિકારો હેઠળ ગ્રામ અને નગર પંચાયતોએ તા:૧૦/૭/૧૯૭૮ અગાઉ મંજુર થયેલ સેટ અપનાં જેતે સંવર્ગમાં તા:૧૦/૭/૧૯૭૮ થી કે ત્યારબાદ વધારાની જગાઓ ઉભી કરેલ હશે તેવી જગાઓ ઉપર નિમાયેલા કર્મચારીઓને જે તે સંવર્ગમાં સક્ષમ અધિકારીની મંજુરીથી ઉભી કરેલ જગાઓ પૈકીની ખાલી પડતી જગ્યાઓ (પર) તેમની સીનીયોરીટી ને લક્ષમાં લઈને ક્રમશ: સમાવવાના રહેશે. આ પ્રમાણે કર્મચારીઓને સમાવવાને કારણે ખાલી પડેલી જગ્યાઓને તે ખાલી પડયાની તારીખથી બંધ પડેલી ગણવાની રહેશે અને તે કોઈ સંજોગોમાં કોઈ પણ કારણસર ભરવાની રહેશે ન હિ. આ પ્રમાણે હુકમો થયાની તારીખ સુધીમાં ખાલી પડેલી જગ્યાઓ બંધ કર્યા બાદ જે તે સંવર્ગમાં મંજુર થયેલ સેટ અપ કરતા જેટલી વધારાની જગ્યાઓ ચાલુ રહેલ હોય એટલી જગાઓ પ્રશ્ચાતવર્તી અસરથી ઉભી કરવાની દરખાસ્તો સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રી અને વિકાસ કમિશ્નરશ્રી મારફતે આ વિભાગને મોકલવા વિનંતી છે.

(૨) તા:૧/૪/૧૯૬૩ થી ૯/૭/૧૯૭૮ ના(૧૯૭૮નો) છઠ્ઠો વટહુકમ બહાર પડયાની તુરત પહેલાની તારીખ) સુધીમાં જે ગ્રામ તથા નગર પંચાયતોએ સક્ષમ અધિકારીની મંજુરી સિવાય જગાઓ ઉપસ્થિત કરેલ હશે તો તેવી

...૩...

જગ્યાઓને તે ઉભી કર્યાની તારીખથી પશ્ચાતવર્તી અસરથી તેવી જગ્યાઓની મંજુરી માટેની દરખાસ્તો પણ સબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રી અને વિકાસ કમિશ્નરશ્રી મારફતે આ વિભાગને મોકલવા વિનંતી છે.

(૪) તા : ૧૦/૭/૧૯૭૮ પહેલાં ઉપસ્થિત થયેલ જગાઓ ઉપર તા : ૧૦/૭/૭૮ થી તા:૫/૬/૧૯૮૪ સુધીમાં સબંધિત પંચાયતોએ કરેલ નિમણુકને માન્ય ગણવામાં આવે છે.

(૪) ૧૯૮૪ નો પાંચમો વટહુકમ બહાર પડતાં, તે બહાર પડયાની તારીખ (તા:૫-૬-૧૯૮૪ થી ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૬૧ કલમ-૨૦૩ માં કરેલ સુધારો અમલમાં આવતાં તેની પેટા કલમ(૨) ના પરંતુક અનુસાર ગ્રામ તથા નગર પંચાયતોએ નવી જગ્યાઓ ઉપસ્થિત કરવા માટે રાજ્ય સરકારની મંજુરી મેળવી જરુરી હતી. તેમ છતાં જે પંચાયતોએ આવી પૂર્વમંજુરી મેળવ્યા સિવાય તા:૫/૬/૧૯૮૪ બાદ પણ જગાઓ ઉપસ્થિત કરેલ હોય તેવી જગાઓ બિનકાયદેસર ગણવાની રહે છે અને આવી જગાઓની મંજુરી આપવાનો પ્રશ્ન રહેતો નથી.

(૫) ૧૯૭૮ ના છઠ્ઠો વટહુકમથી સુધારવામાં આવેલ ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૦૨ અનુસાર સબંધિત ગ્રામ તથા નગર પંચાયતોએ આ વિભાગના તા:૩૧/૧/૧૯૯૨ ના ઠરાવ ક્રમાંક:નપપ-૧૦૯૧-૨૯૫(૯૨)ક, થી નકકી કરેલ પગારધોરણો કરતાં ઉચા પગાર ધોરણો મંજુર કરેલ હશે તો તેવી પંચાયતના કર્મચારીઓએ તેવા પગારધોરણ અને ઉક્ત તા:૩૧/૧/૧૯૯૨ ના ઠરાવની અનુસુચિ-ઘ, માં દર્શાવેલ પગારધોરણ વચ્ચે પસંદગી માટે આ હુકમોની તારીખથી ત્રણ માસમાં વિકલ્પ આપવાનો રહેશે અને કર્મચારીઓએ આપેલ વિકલ્પને અનુલક્ષીને ઉકત તા:૩૧/૧/૧૯૯૨ ના ઠરાવના ફકરા ક્રમાંક:૪,૫,૬ અને ૭ ની જોગવાઈઓ અન્વયે તેમનુ પગાર ફીકસેશન કરવાનું રહેશે.

...૪..

આવો કર્મચારી ઉકત ઠરાવની અનુસૂચિત-ઘ, ના કોલમ-૫ માં દર્શાવેલ પગાર ધોરણ સ્વીકારવા વિકલ્પ આપે તો તેને તે અનુસૂચિ ઉઠળની નોંધ ૧ થી ૧૧ નો લાભ મળવાપાત્ર બનશે નહિ. આવા કર્મચારીઓનુ પગાર ફીકશેસન ઉકત તા:૩૧/૧/૧૯૯૨ ના ઠરાવના ફકરા-૭ મુજબ કરવાનુ રહેશે. નિયત સમયમર્યાદામાં વિકલ્પ નહી આપનારે કર્મચારીનુ પગાર ફીકશેસન ઉકત તા: ૩૧/૧/૧૯૯૨ ના ઠરાવના ફકરા-૭(૧)મુજબ કરવાનુ રહેશે.

(૬) આ હુકમો થયાની તારીખે જે કર્મચારીઓ નોકરીમાં ચાલુ હોય અને તેમની નોકરીમાં અગાઉ પડેલ તુટ જોડી આપવા પંચાયતે હુકમ કરેલ હોય તો પણ તેવી તુટ જોડી આપવાની દરખાસ્ત પેટા ફકરા(૧) થી (૫)મુજબની કાર્યવાહી પુરી થયા બાદ સંબંધિત જિલ્લા વિકાસ અધિકારી અને વિકાસ કમિશ્નર શ્રી મારફતે આ વિભાગને મોકલવા વિનંતી છે.

(૭) જે કિસ્સામાં પંચાયતે અગ્રીમ ઇજાફાઓ મંજુર કરેલ હશે અથવા શરૂઆતનો ઉંચો પગાર મંજુર કરેલ હશે તો તેવા હુકમો રદ થયેલા ગણી જે તે પગારધોરણમાં નિયમાનુસાર પગાર નકકી કરવાનો રહેશે અને તે પ્રમાણે પગાર નકકી થતા પગાર જે તફાવત રહેવા પામે તેને અંગત પગાર ગણી ભવિષ્યમાં ઇજાફાઓ સામે સરભર કરવાની રહેશે.

૨. ઉપરોક્ત સૂચનાઓ અન્વયે જરુરી કાર્યવાહી સત્વરે હાથ ધરવા અને પેટા ફકરા(૧)(૨)(૪) અને (૬) મુજબની દરખાસ્તો સત્વરે આ વિભાગને મોકલવા વિનંતી છે.

૩. વધુમાં હવે પછી કોઇ ગ્રામ પંચાયતમાં સક્ષમ અધિકારીની પૂર્વમંજુરી સિવાય કે પૂર્વમંજુરીની અપેક્ષાએ પણ નવી જગા ઉપસ્થિત કરવામા ન આવે તે માટે આપના નિયંત્રણ હેઠળની તમામ ગ્રામ પંચાયતોને જરુરી સૂચનાઓ આપવા અને તે સૂચનાઓનુ કડક અને ચુસ્તપણે પાલન થાય તે માટે તમામ તાલુકા વિકાસ અધિકારીશ્રીઓને જરુરી સૂચનાઓ આપવા વિનંતી છે.

સહી/-
( રમણ આર્ય )
ઉપસચિવ,
પંચાયત,ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ.

નકલ રવાના:-
વિકાસ કમિશ્નર શ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.